# (૯) આપણો ઈતિહાસ કોણે ઘડ્યો છે ?

લેખક:– કુમારપાળ દેસાઈ

જે પ્રજા ઈતિહાસની ઉપેક્ષા કરે, અને ભૂલી જાય કે એનું અજ્ઞાન ધરાવે, તે પ્રજાનું ભવિષ્ય અંધકાર ભર્યું હોય છે. ભૂતકાળ એ જ ભવિષ્યનો માર્ગદર્શક હોય છે !

ઈતિહાસમાં પ્રજાની ખૂબી–ખામીઓના દર્શનો પડ્યા હોય છે. તે વિશેષતાં અને મર્યાદા જાણીને જ કોઈ પણ પ્રજા પોતાના ભવિષ્યની રાહને કંડારી શકે !

ઈતિહાસમાં આલેખાયેલા ચારિત્રો એ જે તે પ્રજાના સંસ્કારોનું જીવંત અને વ્યવહારૂ પ્રાગટ્ય છે. આમ તો સંસ્કારો વ્યક્તિ ગળથૂથીમાં મેળવે છે અને સમય જતાં એના જીવનકાર્યમાં એ સોળે કળાએ મહોરે છે.

આજના સમયમાં પ્રજા પોતાના પ્રાચીન વારસાથી વિમુખ થવા માંડી છે. બીજી બાજુ વિદેશી સાંસ્કૃતિક આક્રમણો  પ્રજાને અવળે રસ્તે દોરી જાય છે. પોતાનું ગુમાવ્યું ! પારકું અવળુ પડ્યું ! આથી આવનારી પ્રજાને સંસ્કારવારસા વિનાનું, ત્રિશંકુ જેવું જીવન મળે છે. એ જીવનમાં ભવાનાઓનો ધબકાર હોતો નથી, મૂલ્યોની માવજત હોતી નથી, સચ્ચાઈના સ્તંભો ખસી જાય છે. કાગળના કિલ્લા ખડા થાય છે.

જૈન સમાજ એના વારસાને ખુબ ઝડપથી ગુમાવી રહ્યો છે. આ અપ્રતિમ વારસાને ગુમાવશે, એની સાથે એના સંસ્કારો ઘસાતા જશે અને કશીય આગવી મુદ્રા વિનાનું સામાન્ય જીવન જ જીવવાનું રહેશે !

ઈતિહાસને ભૂલનારો સમાજ પોતાનો એક નાનકડો ટાપુ રચે છે અને એને આખું વિશ્વ માનીને મહાલે છે.

જૈન ધર્મના આ વારસાની ઝલક મેળવવા માટે જૈન સમાજની પ્રતિભાઓ નિરખવી પડે એ પ્રતિભાઓના જીવનમાંથી પ્રગટ થતો સંસ્કાર વારસો ઓળખવો પડે.

આજે સવાલ એ જાગે છે બિહારમાં ફેલાયેલો અને આખાય દક્ષિણ ભારતમાં પથરાયેલો જૈન ધર્મ એ પ્રદેશોમાંથી વિદાય શાને પામ્યો ? ક્યા કારણ હશે એમાં ? એક સમયે બિહારમાં જૈન ધર્મના તીર્થંકરો થયા. તીર્થંકરોના વિહારને કારણે એ ભૂમિ બિહારને નામે જાણીતી થઈ તેઓએ એ ભૂમિ પર ઉપદેશ આપ્યો. ધર્મ ભાવનાની સુવાસ ફેલાવી. રાજવપીઓ અને અનેક સમર્થ પુરૂષોએ આ ધર્મભાવનાનો સામે ચાલીને સ્વીકાર કર્યો. આજે કેમ ત્યાં એનું કશું નામોનિશાન નથી ?


www.jainuniversity.org

એક સમય હતો કે દક્ષિણ ભારતમાં ચૈલ રાજાઓનું શાસન હતું. તેઓ જૈન ધર્મી હતા. આજે દક્ષિણ ભારતમાં માત્ર પ્રાચીન અવશેષોમાં જ આ ધર્મ જીવતો જોવા મળે છે. બિહારને તો પરધર્મી આક્રમણોનો સામનો કરવાનો આવ્યો, જ્યારે દક્ષિણ ભારતને આવા કોઈ વિદેશી હુમલાનો સામનો કરવાનું બન્યું નથી તેમ છતાં આ ધર્મ કેમ લોપ પામ્યો ? આનું એક કારણ છે, કરૂણાનો અભાવ અને બીજું કારણ છે કાયરતાની પૂજા.

ધર્મ એ વિરત્વ માંગે છે ડરપોક માનવીને કોઈ ધર્મ હોતો નથી ગુજરાતના ઈતિહાસ પર નજર ન કરીએ તો ૮૦ વર્ષે યુદ્ધ ખેલવા નીકળતાં ખંભાતના મંત્રી ઉદયનની વિરગાથા મળે છે. સિદ્ધરાજના સમયમાં કલિકાલસર્વજ્ઞ હેમચંદ્રાચાર્યે સ્થાપેલી વ્યાયામશાળાની વિગતો મળે છે. મહાન પ્રતિભાવાન જૈન સાધુ પ્રજાની વીરતાને કેળવવાનો વિચાર કરે છે.

તે કેટલી મોટી વાત ગણાય કે આચાર્ય કાલક જેવા તો મુંગે મોઢે અન્યાય સામનો કરવાને બદલે સાધુ વેશ ત્યજીને સેનાનું સુકાન સંભાળે ! મહારાજા કુમારપાળ નો દૈનિક ક્રમ સ્વાધ્યાય, દર્શન, ચૈત્યવંદન વગેરે ધરાવતો હતો પરંતુ એ જ મહારાજા કુમારપાળના સમયમાં ગુજરાતનું રાજ્ય એટલે સુધી દૂર દૂર ફેલાયેલું હતું એટલું ગુજરાતનું વિશાળ રાજ્ય ક્યારેય નહોતું. મંત્રીશ્વર વસ્તુપાળ–તેજપાળની તલવારબાજી કે વિમળશાહની મલ્લવિદ્યાની નિપુણતા એમના સમયમાં સર્વત્ર પ્રસિદ્ધ હતી.

ઈતિહાસનાં પૃષ્ઠો પર વિક્રમાદિત્ય હેમુનું ચરિત્ર મળે છે. સામાન્ય વેપારીમાંથી હેમુ ઝવેરી બન્યો. શૌર્ય, સાહસ અને વ્યવસ્થાશક્તિથી લશ્કરમાં ઉંચો હોદ્દો મેળવ્યો અને અંતે મુગલકાળમાં દિલ્હીના તખ્તનો શહેનશાહ બન્યો. મંડોવરના જૈન શ્રાવકનો આ પુત્ર એની યુદ્ધની સફ વ્યૂહરચનાને કારણે યુદ્ધના દેવતા તરીકે જાણીતો બન્યો. વિક્રમાદિત્ય હેમુની ગજસેનાથી વિરોધીઓ કાંપતા હતા. દુશ્મનો એને ‘જંગે મેદાનનો જાદુગર’ કહેતા હતા. બદાયુંની અને અબુલ ફઝલ જેવા મુગલ તવારીખ લખનારા ઈતિહાસકારોએ પણ વિક્રમાદિત્ય હેમુની પ્રશંસા કરી . જગપ્રસિદ્ધ ઈતિહાસકાર વિન્સેન્ટ સ્મિથે આ પ્રચંડ શક્તિશાળી માટે આ પ્રમાણે લખ્યું છે.

“તેના સમયના સૌથી મહાન પુરૂષોમાંના એ એક હતો અને આખા હિન્દુસ્તાનમાં અકબરના પ્રતિપક્ષીઓમાં એવો એકે પ્રતિપક્ષી ન હતો કે જે બહાદુરી, સાહસ અને હિંમતમાં હેમુને ટપી જાય. તેણે બાવીસ વ્યૂહભરી લડાઈઓમાં વિજય મેળવીને પોતાને માટે અજોડ એવી લશ્કરી શ્રેષ્ઠતા મેળવી હતી.”

અરે ! સાવ નજીક જોઈએ તો ગુજરાતના સમર્થ રાજવી અને વનરાજ ચાવડાનો ઉછેર કરનાર જૈનાચાર્ય શિલગુણસૂરિ હતા. એની ધર્મભગિની શ્રી દેવી હતી. એનો મહામાત્ય જાંબ નામનો જૈન હતો.

આ આખોય ઈતિહાસ આજે ફરી વિરત્વ જગાડવાનો સંકેત કરે છે. અંદરોઅંદરના ઝઘડામાં, નાનકડા અહમ્‌માં કે પરિગ્રહનાં પ્રદર્શનોમાંથી બહાર નીકળીને પ્રચંડ વિરતાનો અહાલેક પોકારે છે.

સંપત્તિ વિશેની બદલાવેલી ભાવના એ સંસ્કારનો સત્યાનાશ વાળે છે ! મહાજન–પરંપરાની ગરિમાને યાદ કરીએ છીએ સંપત્તિ એટલે એવી વસ્તુ કે જે પોતે ઓછામાં ઓછી વાપરે અને બીજાને માટે જ ખર્ચાય એ સમય સંપત્તિ પ્રદર્શનનું માધ્યમ નહોતી, પરંતુ પરોપકારનું સાધન હતી. જગડુશા, પેથડશા, ધરણાશાહ, મોતીશાહ, ખેમો દેદરાણી જેવાનાં જીવન આનો જ સંકેત કરે છે. એ જ રીતે અનુપમાદેવીમાં ધર્મસૌંદર્યની ભાવના, લાછીદેવીમાં અસહાયને સહાય કરવાની તીવ્ર ઈચ્છા, જયંતીમાં જ્ઞાન અને ગંગામાં તીર્થને કાજે સર્વસ્વ અર્પણ કરવાની ભાવના પ્રગટ થાય છે. આ ચરિત્રો જ આવતીકાલના ચરિત્રને ઘડી જ શકે !

ધર્મ એ કોઈ નિશ્ચેતન વસ્તુ નથી ધર્મ એ માત્ર ક્રિયાકલાપ નથી. સાચો ધર્મ એ વ્યક્તિના હૃદયનો જીવંત ધબકાર અને ચૈતન્યનો આવિષ્કાર હોય છે. ધર્મની પ્રતિભાઓમાંથી સંસ્કારોની ગરિમા પ્રગટે અને નવી પેઢીને જીવન ઘડતરમાં આદર્શ રૂપ ચારિત્રો સાંપડે.

જૈન સમાજના ઈતિહાસનો વિચાર કરીએ ત્યારે એ પ્રતિભાઓનું જીવન જ આપણે માટે પ્રેરણાદાયી બને છે. અનાથીમુનિનું જીવન ચરિત્ર એ દર્શાવે છે કે ગમે તેટલી અઢળક ભૌતિક સમૃદ્ધિ ધરાવના માનવીનો આત્મા જ્યાં સુધી જાગ્યો નથી, ત્યાં સુધી એ સાવ દરિદ્ર છે.

જૈન ધર્મ એ ભાવનાનો ધર્મ છે. ઉપવાસ હોય કે ક્ષમાપના, પણ એમાં ભાવ એ મહત્વનો છે.

જિનશાસનના પ્રભાવક આચાર્ય ભદ્રબાહુ સ્વામીએ શાસન અને શ્રુતનો અપાર મહિમા કર્યો. આ આચાર્ય ભદ્રબાહુસ્વામીએ દશાશ્રુતસ્કંધ, કલ્પ, વ્યવહાર અને નિશીથ એમ ચાર છેદસૂત્રોની રચના કરી મુમુક્ષુ સાધકો પર મહાન ઉપકાર કર્યો આચારાંગ, સૂત્રકૃતાંગ, દશવૈકાલિક, ઉત્તરાધ્યાન, દશાશ્રુતસ્કંધ, કલ્પ, વ્યવહાર, સૂર્યપ્રજ્ઞપ્તિ અને ઋષિભાષિત–આ દસ સૂત્રોના નિર્યુક્તિકાર તરીકે પ્રસિદ્ધ આચાર્ય ભદ્રબાહુએ 'ભદ્રબાહુ સંહિતા' તથા સવા લાખ પદ ધરાવતું 'વસુદેવચરિત' નામના ગ્રંથ લખ્યા અને એ જ રીતે એમણે આર્ય સ્થૂલભદ્રને પૂર્વોનું જ્ઞાન આપીને એ મહાન વારસાને નષ્ટ થતો બચાવ્યો હતો. તેઓએ સતત બાર વર્ષ સુધી મહાપ્રાણ–ધ્યાનની ઉત્કૃષ્ટ યોગસાધના કરાવવાની વિરલ ઉપલબ્ધિ મેળવી હતી. ભારતના વિભિન્ન ક્ષેત્રોમાં વિચરણ કરીને જિનશાસનનો પ્રસાર અને ઉત્કર્ષ કરનાર ભદ્રબાહુસ્વામીને શ્વેતામંબર અને દિગંબર બંને પરંપરા પાંચમા અને અંતિમ શ્રુતકેવલી તરીકે સઆદરપૂર્વક સન્માને છે.

આજ રીતે શ્રી સિદ્ધસેન દિવાકરસૂરિએ ઉદાર વ્યક્તિત્વ ગહન ચિંતનશક્તિ અને ઉત્કૃષ્ટ દાર્શનિક વિચારોથી જિનશાસનમાં આગવું સ્થાન મેળવ્યું. અધ્યાત્મ શક્તિથિ સ્વાભાવિક રીતે એવી

jainuniversity.org
સર્વ જ્ઞાનાય ભવતુ

ઘટનાઓ બનતી હોય છે, જેને સામાન્ય માનવી ચમત્કાર તરીકે ઠેરવતો હોય છે. શ્રી પાદલિપ્ત સૂરિ, શ્રી માનદેવસૂરિ, શ્રી અભયેવસૂરિ વગેરેના જીવનમાં આ જોવા મળે છે.

જૈન સાધુતાનું સ્મરણ થતાં જ આચાર્ય હરિભદ્રસૂરિ, આચાર્ય હીરવિજયસૂરિ, આચાર્ય હેમચંદ્રાચાર્ય વગેરેનું આપોઆપ સ્મરણ થાય છે. હીરવિજયસૂરિએ કરેલી જૈન ધર્મની પ્રભાવના કોણ ભુલી શકે ?

આવા અનેક મહાન સાધુ પુરૂષો જિનશાસનમાં થઈ ગયા.

એ જ રીતે સાધ્વીઓમાં ચંદનબાળા, દેવાનંદા, મૃગાવતી, ભદ્રામાતા, મલયસુંદરી, શિયળવ્રતી વગેરેના ચરિત્રો નોંધપાત્ર છે. એમાં પણ વીર નિર્વાણની ચોથી સદીમાં થયેલી આર્યા પોઈણી એમની બહુશ્રુતતા, આચારશુદ્ધિ અને નેતૃત્વના ગુણને કારણે જિનશાસનમાં વિશિષ્ટ સ્થાન ધરાવે છે. આર્યા પોઈણીનું જીવન દર્શાવે છે કે જનમાનસમાં ધર્મભાવના જાગ્રત કરવા માટે અને પ્રગટેલી ધર્મ ભાવનાને પ્રેરવા–પોષવા માટે જૈન સાધ્વીઓએ જૈન સાધુઓની માફક શ્રદ્ધા, સાધના અને સાહસ સાથે દેશના વિભિન્ન પ્રદેશોમાં પગપાળા વિચરણ કરીને અધ્યાત્મિક ચેતના જગાવી હતી.

શ્રાવકો વિશે વિચારીએ તો જિનશાસનને જૈન સંસ્કરોથી શોભતા અનેક તેજસ્વી શ્રાવકો આપ્યા છે. મગજરાજ શ્રેણીક બિંબિસારના પુત્ર અભયકુમારની કથા કેટલી પ્રેરક છે ! ભગવાન મહાવીરના સમયમાં થયેલ રાજા શ્રેણિકના મહામંત્રી અભયકુમારમાં અપ્રતિમ બુદ્ધિ, ઉન્નત ધર્મભાવના અને આદર્શરૂપ નિઃસ્પૃહવૃતિ હતી. પોતાની કુશાગ્ર બુદ્ધિથી મંત્રીશ્વર અભયકુમારે અત્યંત મુશ્કેલ અને કઠિન લાગતી સમસ્યાઓના સરળતાથી ઉકેલ શોધી આપ્યા હતા આથી દિપાવલી પર્વ સમયે પૂજન કરતી વખતે ચોપડામાં 'અભયકુમારની બુદ્ધિ હોજો' એવી પ્રાર્થના લખાય છે.

ઈરાન અને અરબસ્તાન જેવા દેશોમાં જૈન સ્સંક્તિ સ્થાપનાર સંપ્રતિ મહારાજા કે પછી જૈન ગુરૂ, જૈન ધર્મ અને જૈન ભગિની ધરાવનાર ગુજરાતના ચાવડા વંશના સ્થાપક વનરાજને કઈ રીતે ભુલી શકાય ? પરમાર્હત શ્રાવકના બુરૂદથી ઈતિહાસમાં વિખ્યાત મહારાજા કુમારપાળે પચાસમાં વર્ષે ગુજરાતની ગાદી મેળવી.

મહામંત્રી શાંતૂ અને સેનાપતિ આભૂની વીરતા, ધરણાશાહ, મોતીશા અને કર્માશાહની ધર્મભાવના કઈ રીતે ભૂલી શકાય ?

જૈન શ્રાવિકાઓનાં પણ એકેકથી ચડિયાતા ચરિત્રો મળે છે. તિલકમંજરીની સ્મરણશક્તિ, ચાંપલદેની ચતુરાઈ, આબુના શિલ્પો સર્જનાર અનુપમાદેવી, સતીત્વનું તેજ બતાવનાર સોનલ કે મોદીપત્ની અને ભગવાન મહાવીરના સમયની ઉત્તમ શ્રમણોપાસિકા જયંતિ તેજસ્વી શ્રાવિકાઓના ગુણ ધરાવે છે.

ધર્મ ધબકે છે આરાધકોના અંતરમાં. છેક પ્રાચીનકાળથી આજ સુધી જૈન ઈતિહાસના તેજસ્વી

જીવનમાં જોવા મળતો પ્રકાશ એ ધર્મ દિપકમાંથી પ્રગટેલું પવિત્ર, પાવન ને પ્રેરણાદાયી અજવાળું છે.

jainuniversity.org
सर्व ज्ञानाय भवतु

jainuniversity.org

सर्व ज्ञानाय भवतु

jainuniversity.org

सर्व ज्ञानाय भवतु